**અગ્રતાક્રમ –: ૧૪**

**વિભાગ: ઉદ્યોગ અને ખાણ વિભાગ**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૪૭૬**

**૧૫મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર**

**વિધાનસભાગૃહ માં જવાબ આપવાની તારીખ: ૦૭/૦૨/૨૦૨૪**

**પ્રશ્નનું શીર્ષક: ખાદી વેચાણને પ્રોત્સાહન માટે બજાર વિકાસ સહાય**

**પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ તથા તેમનો મત વિસ્તાર:**

**શ્રી શામજીભાઈ ભીમજીભાઈ ચૌહાણ (ચોટીલા)**

# અગ્રતાક્રમ– ૧૪

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાક: ૧૫/૪/૪૭૬

## ખાદી વેચાણને પ્રોત્સાહન માટે બજાર વિકાસ સહાય યોજના

### અનુક્રમણિકા

| | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| મુખ્ય પ્રશ્ન | **વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન** | |
| જવાબ | **વિભાગે કરેલ જવાબ** | |
| | **પ્રશ્નનું હાર્દ** | |
| | | **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીનું નામ** |
| પેટા પ્રશ્ન–૧ | બજાર વિકાસ સહાય યોજના શું છે?તેના ઉદેશ શું છે? | **શ્રી શામજીભાઈ ભીમજીભાઈ ચૌહાણ – ચોટીલા** |
| પેટા પ્રશ્ન–૨ | બજાર વિકાસ સહાય યોજનાનો લાભ કોને મળવાપાત્ર છે? | **શ્રી શામજીભાઈ ભીમજીભાઈ ચૌહાણ – ચોટીલા** |
| પેટા પ્રશ્ન–૩ | બજાર વિકાસ સહાય યોજનાની સહાયનું ધારા-ધોરણ શું છે? | **શ્રી પ્રકાશભાઈ વરમોરા – ધ્રાંગધ્રા** |
| પેટા પ્રશ્ન–૪ | બજાર વિકાસ સહાય યોજના હેઠળ સહાય ચુકવવાની વ્યવસ્થા શું છે? | **શ્રી પ્રકાશભાઈ વરમોરા – ધ્રાંગધ્રા** |
| પેટા પ્રશ્ન–૫ | ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોધોગ બોર્ડ દ્વારા બજાર વિકાસ સહાય સિવાય કાંતનાર-વણનાર કારીગરોને અન્ય કયા લાભ આપવામાં આવે છે ? | **શ્રી દુર્લભજીભાઈ દેથરીયા– ટંકારા** |

# વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન

ક્રમાંક: પ્ર/

તારાંકિત પ્રશ્ન

## ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/476

વિષય:

ખાદી વેચાણને પ્રોત્સાહન માટે બજાર વિકાસ સહાય

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 08/01/2024 | 01/02/2024 | 16/01/2024 |

*15/4/476 શ્રી શામજીભાઇ ભીમજીભાઇ ચૌહાણ(ચોટીલા)

કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ જણાવવા કૃપા કરશે કે:-

માનનીય ખાદી અને ગ્રામદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજ્ય સરકાર દ્વારા ખાદી વેચાણને પ્રોત્સાહિત કરવા બજાર વિકાસ સહાય યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરેન્દ્રનગરમાં જિલ્લામાં ખાદી અને પોલીસવસ્ત્રની કામગીરી કરતી કેટલી સંસ્થા-મંડળીઓ સંકળાયેલી છે, અને

(૩) ઉક્ત સંકળાયેલ સંસ્થા-મંડળીઓને ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સહાય ચુકવાયેલ છે?

----

મુખ્ય પેજ પર જાઓ

## વિભાગે કરેલ જવાબ

### ખાદી વેચાણને પ્રોત્સાહન માટે બજાર વિકાસ સહાય

***15/4/476: શ્રી શામજીભાઇ ભીમજીભાઇ ચૌહાણ(ચોટીલા): માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | રાજ્ય સરકાર દ્વારા ખાદી વેચાણને પ્રોત્સાહિત કરવા બજાર વિકાસ સહાય યોજના અમલમાં છે કે કેમ, | (૧) | હા, રાજ્ય સરકારશ્રીની બજાર વિકાસ સહાય (MDA) (માર્કેટ ડેવલપમેન્ટ આસિસ્ટન્સ) યોજના ગુજરાત સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગ,ગાંધીનગરના સુધારા ઠરાવ ક્રમાંક: ગમઉ/૧૦૨૦૧૫/૫૨૦ (૩૨૬૬૪૩)/ખ૧,તા.૨૪/૦૨/૨૦૧૬ અન્વયે તા.૦૧/૦૪/૨૦૧૬થી અમલમાં છે. |
| (૨) | જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં ખાદી અને પોલીવસ્ત્રની કામગીરી કરતી કેટલી સંસ્થા-મંડળીઓ સંકળાયેલી છે અને | (૨) | સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ૧૧૩ સંસ્થાઓ ઇ-કુટિર પોર્ટલ (ખાદી બોર્ડ) પર રજીસ્ટ્રેશન થયેલ છે. |
| (૩) | ઉક્ત સંકળાયેલ સંસ્થા-મંડળીઓને ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સહાય ચુકવાયેલ છે? | (૩) | ઉક્ત સંસ્થા/મંડળીઓને છેલ્લા બે વર્ષમાં રૂ.૫૩૦.૪૭ લાખ બજાર વિકાસ સહાય (MDA) (માર્કેટ ડેવલપમેન્ટ આસિસ્ટન્સ) ચુકવવામાં આવેલ છે. (પાંચ કરોડ ત્રીસ લાખ) |

---

ક્રમાંક: વસપ/૧૦૨૦૨૪/તા.પ્ર.૧/ખ.૧
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૩૧/૦૧/૨૦૨૪

પ્રતિ,
સચિવશ્રી,
ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.

આપના તા.૨૩/૦૧/૨૦૨૪ના પત્રક્રમાંક: પ્રશ્ન ૧૫/૪/૪૭૬ના અનુસંધાને (ચાર નકલો સાથે) મોકલવામાં આવે છે.

(ભાવિતા રાઠોડ)
નાયબ સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

મુખ્ય પેજ પર જાઓ

# પ્રશ્નનું હાર્દ

## <u>ખાદી વેચાણને પ્રોત્સાહન માટે બજાર વિકાસ સહાય યોજના</u>

ગુજરાત રાજ્યમાં ખાદીની કામગીરી સાથે સંકળાયેલ કારીગર વર્ગ તેમજ ખાદી ગ્રામોદ્યોગ આયોગનું ખાદીનું પ્રમાણપત્ર ધરાવતી અને ખાદીની કામગીરી સાથે સંકળાયેલ ઉત્પાદન/વેચાણ કરતી માન્ય સંસ્થા/ મંડળીઓ તેમજ ખાદીના વપરાશકર્તા ગ્રાહક વર્ગને ધ્યાનમાં રાખીને સરકારશ્રી દ્વારા બજાર વિકાસ સહાય યોજના તા.૦૧/૦૪/૨૦૧૬થી અમલમાં છે. આ બજાર વિકાસ સહાય યોજના અંતર્ગત અમલવારી થવાથી ખાદી અને પોલીવસ્ત્રનું ઉત્પાદન તથા ખાદીનું વેચાણ વધે તેવા ઉમદા હેતુસર ગુજરાતમાં ઉત્પાદિત ખાદી અને પોલીવસ્ત્રના ઉત્પાદનની કિંમત ઉપર નીચે પ્રમાણે સહાય ચુકવવામાં આવે છે.

| ક્રમ | બજાર વિકાસ સહાય યોજના | રૂપિયા ૧૦૦ની ઉત્પાદન કિંમત ઉપર બજાર વિકાસ સહાય | |
|---|---|---|---|
| | | સમગ્ર નાણાંકીય વર્ષ દરમ્યાન | ૨જી ઓક્ટોબર થી ૩૧મી ડીસેમ્બર સુધી |
| ૧ | ૫% કાંતનાર-વણનાર કારીગરોને | રૂપિયા ૫/- | રૂપિયા ૫/- |
| ૨ | ૧૦% સંસ્થા/મંડળીઓને | રૂપિયા ૧૦/- | રૂપિયા ૧૦/- |
| ૩ | ગાંધી જ્યંતિ નિમિત્તે વધારાની ૨૦% ખાસ બજાર પ્રોત્સાહન સહાય | -- | રૂપિયા ૨૦/- } સંસ્થાઓ/ મંડળીઓને કુલ રૂ.૩૦/- |
| **એકંદરે કુલ સહાય રૂપિયા** | | **રૂપિયા ૧૫/-** | **રૂપિયા ૩૫/-** |
| ભારત સરકારશ્રીની સહાયઃ ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ મારફતે (કે.વી.આઇ.સી.) | | | |
| ૧ | ઉત્પાદનની પડતર કિંમત ઉપર ૩૫ ટકા બજાર વૃદ્ધિ અને વિકાસ સહાય(રૂા.૧૦૦/–ના ઉત્પાદન માટે રૂા. ૬૭/– પડતર કિંમત ગણતરીમાં લેવાય છે. | રૂા.૨૩/– | રૂા.૨૩/– |
| | **એકંદરે કુલ સહાય** | **રૂપિયા.૩૮/–** | **રૂપિયા ૫૮/–** |

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા ખાદીના વેચાણમાં વધારો થાય તે માટે રાજ્યના વિવિધ શહેરો તેમજ જિલ્લા કક્ષાએ પ્રદર્શન–સહ વેચાણ મેળાનું આયોજન કરવામાં આવે છે. તેમજ ઈલેક્ટ્રોનિક્સ મીડિયા તેમજ પ્રિન્ટ મીડિયા મારફતે જાહેરાત પણ કરવામાં આવે છે.

## **બજાર વિકાસ સહાય (એમ.ડી.એ) અંગે પાત્રતાનું ધોરણ :-**

આ યોજનાનો લાભ ગુજરાત રાજ્યમાં ખાદી અને પોલીવસ્ત્રનું ઉત્પાદન કરતી અને ભારત સરકારશ્રીની ખાદી ગ્રામોદ્યોગ આયોગ દ્વારા માન્ય સંસ્થાઓ અને કારીગરોને લાગુ પડશે.

સહાયના ક્લેઈમ ઈ-કુટિર પોર્ટલ ઉપર ઓનલાઈન મંગાવવામાં આવે છે. સદરહુ બાબતે સંસ્થા/મંડળીઓ તેમજ કાંતનાર-વણનાર કારીગરોને આર.ટી.જી.એસ.થી બેન્ક મારફતે સીધી સહાય ચુકવવામાં આવે છે.

વર્ષ ૨૦૨૨ માં એકંદરે કુલ રૂા.૩૪,૫૩,૫૮,૭૩૦ (ચોત્રીસ કરોડ તેપન લાખ અઠ્ઠાવન હજાર સાતસો ત્રીસ) અને

વર્ષ ૨૦૨૩ માં એકંદરે કુલ રૂા.૩૩,૧૪,૭૮,૮૯૪ (તેત્રીસ કરોડ ચૌદ લાખ ઈઠ્ઠોતેર હજાર આઠસો ચોરાણું) સહાય ચુકવવામાં આવેલ છે.

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા માન્ય સંસ્થા/મંડળીઓની સંખ્યા/યાદી કુલ-૧૮૦ સંસ્થાઓ.

**મુખ્ય પેજ પર જાઓ**

## અગ્રતાક્રમ– ૧૪

### વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાક: ૧૫/૪/૪૭૬
### ખાદી વેચાણને પ્રોત્સાહન માટે બજાર વિકાસ સહાય

**માન.ધારાસભ્યશ્રીનું નામ: શ્રી શામજીભાઇ ભીમજીભાઇ ચૌહાણ –ચોટીલા**

| | |
|---|---|
| **પ્રશ્ન ૧** | **બજાર વિકાસ સહાય યોજના શુ છે? તેના ઉદ્દેશ શું છે?** |
| **જવાબ** | ગુજરાતમાં ઉત્પાદિત ખાદી અને પોલીવસ્ત્રના ઉત્પાદનો અને તેના વેચાણને વેગ મળે તે માટે ખાદી/પોલીવસ્ત્રની કામગીરી સાથે સંકળાયેલ કાંતનાર,વણનાર કારીગરોને તથા ખાદી/પોલીવસ્ત્રની કામગીરી સાથે સંકળાયેલ સંસ્થા/મંડળીઓને ખાદી/પોલીવસ્ત્રની ઉત્પાદન કિંમત ઉપર સરકારશ્રીની બજાર વિકાસ સહાય યોજના તા.૦૧/૦૪/૨૦૧૬થી અમલમાં છે. આ યોજના હેઠળ મળતી સહાય ખાદી/પોલીવસ્ત્રની સંસ્થા/મંડળીઓ ધ્વારા ગ્રાહકોને છુટક વેચાણ ઉપર વળતરરૂપે આપવામાં આવે છે. જેથી ખાદી/ પોલીવસ્ત્રના ઉત્પાદન અને વેચાણને વેગ મળે અને કારીગરોને યોગ્ય રોજગારી મળે છે. |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતાક્રમ– ૧૪

### વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાક: ૧૫/૪/૪૭૬
### ખાદી વેચાણને પ્રોત્સાહન માટે બજાર વિકાસ સહાય

**માન.ધારાસભ્યશ્રીનું નામઃ શ્રી શામજીભાઇ ભીમજીભાઇ ચૌહાણ –ચોટીલા**

| | |
|---|---|
| **પ્રશ્ન ૨** | **બજાર વિકાસ સહાય યોજનાનો લાભ કોને મળવાપાત્ર છે?** |
| **જવાબ** | ગુજરાત રાજ્યમાં ખાદી કામ માટેનું ખાદી ગ્રામોદ્યોગ કમિશનનું ખાદીનું પ્રમાણપત્ર ધરાવતી માન્ય સંસ્થા/મંડળીઓ ગુજરાત સરકારશ્રીની બજાર વિકાસ સહાય યોજનાનો લાભ મેળવી શકે છે. |

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતાક્રમ– ૧૪

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાક: ૧૫/૪/૪૭૬

## ખાદી વેચાણને પ્રોત્સાહન માટે બજાર વિકાસ સહાય

## માન.ધારાસભ્યશ્રીનું નામઃ શ્રી પ્રકાશભાઇ વરમોરા – ધ્રાંગધ્રા

| | |
|---|---|
| **પ્રશ્ન ૩** | બજાર વિકાસ સહાય યોજનાની સહાયનું ધારા-ધોરણ શું છે? |
| **જવાબ** | ગુજરાત રાજ્યમાં ઉત્પાદિત ખાદી/પોલીવસ્ત્રના ઉત્પાદનની કિંમતના પ્રમાણમાં નીચે મુજબ બજાર વિકાસ સહાય આપવામાં આવે છે.<br>૧. ૫% કાંતનાર–વણનાર કારીગરોને બજાર વિકાસ સહાય આપવામાં આવે છે.<br>૨. ૧૦% ખાદી સંસ્થા/મંડળીઓને જે બજાર વિકાસ સહાય આપવામાં આવે છે. તે બજાર વિકાસ સહાય સંસ્થા/મંડળીઓ દ્વારા ગુજરાતમાં ઉત્પાદિત ખાદી અને પોલીવસ્ત્રના છુટક વેચાણ ઉપર ગ્રાહકોને વળતર તરીકે આપતી હોય છે |

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતાક્રમ– ૧૪

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાક: ૧૫/૪/૪૭૬
## ખાદી વેચાણને પ્રોત્સાહન માટે બજાર વિકાસ સહાય

**માન.ધારાસભ્યશ્રીનું નામ: શ્રી પ્રકાશભાઇ વરમોરા – ધ્રાંગધ્રા**

| | |
|---|---|
| **પ્રશ્ન ૪** | બજાર વિકાસ સહાય યોજના હેઠળ સહાય ચુકવવાની વ્યવસ્થા શું છે? |
| **જવાબ** | ગુજરાત રાજ્યની માન્ય સંસ્થા/મંડળીઓ દ્વારા ખાદી અને પોલીવસ્ત્રના થયેલ ઉત્પાદનની કિંમત પ્રમાણે ૧૦% બજાર વિકાસ સહાય તથા ૫% કારીગર માટેની સહાયના ક્લેઈમ ઈ–કુટિર પોર્ટલ ઉપર ઓનલાઈન મંગાવવામાં આવે છે. સદરહુ બાબતે સંસ્થા/મંડળીઓ તેમજ કાંતનાર–વણનાર કારીગરોને આર.ટી.જી.એસ.થી બેન્ક મારફતે સીધી સહાય ચુકવવામાં આવે છે. |

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતાક્રમ– ૧૪

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાક: ૧૫/૪/૪૭૬
## ખાદી વેચાણને પ્રોત્સાહન માટે બજાર વિકાસ સહાય

## માન.ધારાસભ્યશ્રીનું નામઃ શ્રી દુર્લભજીભાઇ દેથરીયા– ટંકારા

| | |
|---|---|
| **પ્રશ્ન ૫** | ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોધોગ બોર્ડ દ્વારા બજાર વિકાસ સહાય સિવાય કાંતનાર-વણનાર કારીગરોને અન્ય કયા લાભ આપવામાં આવે છે ? |
| **જવાબ** | ૧. ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોધોગ બોર્ડ દ્વારા સંસ્થા/મંડળીઓના કાંતનાર કારીગરોને પ્રતિ આંટી રૂ.૩/– પ્રમાણે સહાય તેમજ વણનાર કારીગરોને પ્રતિ ચોરસ મીટર રૂ.૬/– પ્રમાણે વિશેષ વણકરી સહાય તથા પ્રતિ ચોરસ મીટર રૂ.૨/– પ્રમાણે વણાટ સાધન સહાય આપવામાં આવે છે.<br><br>૨. નવા અંબર ચરખા અને શાળ ખરીદવા માટે માન્ય સંસ્થા/મંડળીઓને ખાદી ગ્રામોધોગ કમિશન દ્વારા નિયત કરેલ ચરખા/શાળની કિંમતના પ્રતિ નંગ પ્રમાણે પચ્ચીસ ચરખા તથા પાંચ શાળ માટે ૬૫% સહાય આપવામાં આવે છે. |

મુખ્ય પેજ પર જાઓ